અંકલેશ્વરમાં વીજ બિલ ઉઘરાણી કરવા જતાં કર્મચારી પર હુમલો

બે શખ્સે હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી, કથિત પત્રકાર સહિત બે સામે ફરિયાદ

અંકલેશ્વરઃ ભરૂચના ઝાડેશ્વર રોડ સ્થિત અયોધ્યાએલમાં જૂનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા મોહનીશ અનિલભાઈ રાણા હાલ અંકલેશ્વર ટાઉન સબ ડિવિઝનમાં ફરજ પર છે. તા.27 ફેબ્રુઆરીના રોજ તેઓ પોતાના સહકર્મી વિલાશભાઈ વસાવા સાથે બાકી વીજ બિલની ઉઘરાણી કામગીરી માટે સુરતી ભાગોળ વિસ્તારમાં ગયા હતા. ત્યાં એક ગ્રાહકનું વીજ બિલ રૂ.21,7742 ની બાકી રકમ અંગે સમજાવવા તેઓ સુરતી ભાગોળ વાવ સામે દરગાહ પાસે આવેલ નિવાસસ્થાને પહોંચ્યા હતા. આ દરમિયાન ઘરમાંથી બહાર આવેલા જાવીદ શેખે પોતે પત્રકાર હોવાનો દાવો કરી કર્મચારીઓ સાથે ઉદ્ધત વર્તન કર્યું હતું. ફરિયાદ મુજબ, જાવીદ શેખે ફરજ બજાવતા કર્મચારી સાથે ગાળો બોલી હુમલો કર્યો અને ડાબા ગાલ પર ઘા માર્યો હતો. ત્યારબાદ અન્ય અજાણ્યા વ્યક્તિએ પાછળથી આવી પીઠ પર માર માર્યો હતો. બંનેએ મળીને હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હોવાનુ જણાવાયુ છે. હુમલા બાદ ઈજાગ્રસ્ત કર્મચારીને સી.એચ. સી. ગડખોલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે ફરજમાં રૂકાવટ, મારામારી અને ધમકીના ગુનામાં જાવીદ શેખ તથા અન્ય એક અજાણ્યા ઈસમ સામે કાર્યવાહી હાથ ધરવા ફરિયાદ નોંધાઈ છે.

ઝાડેશ્વર નર્મદા સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ પર છ જણાનો હુમલો

આઈફોન તોડ્યો અને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ફરિયાદ

ભરૂચઃ ઝાડેશ્વર ખાતે આવેલી નર્મદા સંસ્કૃત વૈદ પાઠશાળાના હનુમાન મંદિર પાસે ગુરુવારે રાત્રે કેટલાક શખ્સોએ તોફાન કરી ત્રણ વિદ્યાર્થીને લાકડીઓ વડે માર માર્યો હતો. આરોપીઓએ એક વિદ્યાર્થીનો આઈફોન-11 તોડી નાંખ્યો હતો અને તેમજ અન્યને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં છ જણા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પાઠશાળામાં ગૃહપતિ તરીકે ફરજ બજાવતા મહેન્દ્રભાઈ શાંતિલાલ જોષી (મૂળ ઉદયપુર, રાજસ્થાન)એ ફરિયાદમાં વિગત આપતાં જણાવ્યું હતું કે, તા.26-2-2026ના રોજ બપોરે વિદ્યાર્થી ઉત્સવ અને અગમ પાંડે વચ્ચે દાદર પર મસ્તી દરમિયાન સામાન્ય બોલાચાલી થઈ હતી. આ ઘટનાનો રોષ માનીને સાંજે અગમ પાંડેએ ઉત્સવને ફોન આવવાની ધમકી આપી હતી.

બાદ રાત્રે આશરે 8 વાગ્યે ઉત્સવને તેના મોબાઈલ ફોન પર અન્ય વ્યક્તિનો ફોન આવ્યો અને તેને અગમ સાથે બોલાચાલી ન કરવા માટે ધમકાવવામાં આવ્યો હતો. મધરાત્રે પોણા બાર વાગ્યાના અરસામાં ફરી ફોન કરી ઉત્સવને સંકુલના ગેટ બહાર બોલાવવામાં આવ્યો હતો.

ફરિયાદીએ વિગત આપી હતી કે, જ્યારે તેઓ ઘટના સ્થળે પહોંચ્યા ત્યારે વિદ્યાર્થી ઉત્સવે ગૃહપતિને જણાવ્યું કે રાત્રે લગભગ પોણા બાર વાગ્યે બે ફોર-વ્હીલ વાહનોમાં પાંચ-છ શખ્સ આવ્યા હતા. ગાડીમાંથી ઊતરીને તેઓ સંકુલના હનુમાનજી મંદિર પાસે આવ્યા અને ઉત્સવની ઓળખ પૂછી હતી. ઓળખ આપતાં જ એક શખ્સે લાકડી વડે ઉત્સવના ડાબા પગના પીંડીના ભાગે અને જાંઘ પર સપાટો માર્યો હતો. આ દરમિયાન ઉત્સવના ખિસ્સામાં રાખેલો આઈફોન-11 (કિં.રૂ.32 હજાર) પણ તૂટી ગયો હતો.

બાદ આરોપીઓએ ઉત્સવને કમર અને તમાચા અને લાકડીઓ વડે માર મારવાનું ચાલુ રાખ્યું હતું. આ ઘટના વખતે ઉત્સવના મિત્રો જય રાવલ અને રાજવીર દવે તેને બચાવવા આગળ આવ્યા, ત્યારે આરોપીઓએ જયને હથેળી અને ખભા પર જ્યારે રાજવીરને ડાબા ખભા પર લાકડી વડે માર માર્યો હતો. અન્ય વિદ્યાર્થીઓને પણ સામાન્ય ઈજાઓ થઈ છે.ઘટના સમયે ત્યાં હાજર રહેલા ફરિયાદીએ આરોપીઓનાં નામ પૂછતાં તેમણે પોતાને નેવીલ, મેવા કુભાર, મુકેશ ચૌધરી, કાળા મોદી અને નવીન પટેલ (તમામ રહે.,અંકલેશ્વર) હોવાનું જણાવ્યું હતું. તેમજ તેઓ જે બે વાહનમાં આવ્યાં હતાં, તેનાથી ગાડી નંબર પણ નોંધી લીધા હતા. વિદ્યાર્થીઓને માર માર્યા બાદ અને શૈક્ષણિક સંકુલનો ભંગ કર્યા બાદ આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેને લઈને ગૃહપતિએ ભરૂચ 'સી' ડિવિઝન પોલીસે છ ઈસમ સામે મારપીટ અને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સંક્ષિપ્ત સમાચાર

સોનગઢમાં બેંક બહાર નજર ચૂકવી રૂ.45,000 સેરવનાર 4 ઝડપાયા

સોનગઢ: બેંકમાંથી નાણાં ઉપાડીને જતાં ગ્રાહકોને નિશાન બનાવતી આંતરરાજ્ય ગેંગનો સોનગઢ પોલીસે પર્દાફાશ કર્યો છે. ગત 27 ફેબ્રુઆરીના રોજ બેંક ઓફ બરોડામાંથી 45,000 ઉપાડીને જઈ રહેલા રાકેશભાઇ ચૌધરીને ઓટા ચોકડી પાસે ચાર ગઠિયાઓએ 'અમે બહારના છીએ, મદદ કરો' તેમ કહી વાતોમાં વળગાડ્યા હતા. ત્યારબાદ ચા પીવાના બહાને લઈ જઈ નજર ચૂકવી ખિસ્સામાંથી રોકડ રકમ સેરવી આરોપીઓ ફરાર થઈ ગયા હતા. ઘટનાની ગંભીરતાને લઈ એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમોએ સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સોર્સના આધારે તપાસ તેજ કરી હતી. બાતમી મુજબ પોલીસે બલેનો કારમાં જઈ રહેલા ચાર રીઢા આરોપી યોગેશ નામદેવ પાટીલ (રહે.,લિબાયત, સુરત; મૂળ મહારાષ્ટ્ર), સતનામ ઉર્ફે પપ્પુ સાહબદીન રાવત (રહે.,જોલવા, સુરત; મૂળ ઉત્તરપ્રદેશ), સાજીદખાન સલીમખાન (રહે.,જોલવા, સુરત; મૂળ ઉત્તરપ્રદેશ), અને આયુષ દેવપ્રસાદ મિશ્રા (રહે.,તાતીથૈયા, સુરત; મૂળ ઉત્તરપ્રદેશ)ને ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીની રોકડ, 3 લાખની બલેનો કાર નં.(GJ-05-RN-7518) અને 4 મોબાઈલ મળી કુલ 3,65,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલ આરોપીઓ પૈકી યોગેશ અને સતનામ સામે અગાઉ પણ અનેક છેતરપિંડીના ગુના નોંધાયેલા છે. આ ગેંગ બેંકમાં ગ્રાહકો પર નજર રાખી તેમને જાળમાં ફસાવવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે.

જંબુસરમાં સગીરા પર દુષ્કર્મ કરનાર નરાધમ જગદીશ વાઘેલાની ધરપકડ

ભરૂચ: જંબુસર તાલુકામાં માનવતાને શરમાવે તેવી એક ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. વેડચ પોલીસ સ્ટેશનની હદમાં આવતા એક ગામમાં એક 26 વર્ષીય શખ્સે સગીરાની લાચારી અને નિર્દોષતાનો લાભ ઉઠાવીને તેને પોતાની હવસનો શિકાર બનાવી હતી. આ નરાધમે સગીરાને લગ્નની લાલચ આપીને ફસાવી હતી અને ત્યારબાદ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટનાની જાણ થતાં જ પીડિત પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી અને સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે રોષનું મોજું ફરી વળ્યું હતું. પીડિત પરિવારે હિંમત દાખવી તાત્કાલિક વેડચ પોલીસ સ્ટેશનમાં ન્યાયની ગુહાર લગાવી હતી. ઘટનાની ગંભીરતાને પારખી પોલીસે જરાપણ વિલંબ કર્યા વિના કડક કાર્યવાહીનો આરંભ કર્યો હતો. વેડચ પોલીસે ફરિયાદના આધારે આરોપી જગદીશ વાઘેલાની ધરપકડ કરી તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

કડોદરામાં વૃદ્ધે કાર પર ટોપ-અપ લોન મેળવવામાં 76 હજાર ગુમાવ્યા

પલસાણાઃ ગત 5 ફેબ્રુઆરીના રોજ રામચંદ્રભાઈના મોબાઈલ પર પ્રતિકભાઈ નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે 'હીરો ફાઈનકોર્પ ફાયનાન્સ' કંપનીમાંથી બોલે છે તેવી ઓળખ આપી હતી. ઠગે જણાવ્યું કે રામચંદ્રભાઈની ઈકો ગાડી (નં. GJ 19 AM 9953) પર ચાલતી લોન પર તેમને 5 લાખની 'ટોપ-અપ લોન' મળી શકે તેમ છે. આ લોન મંજૂર કરાવવા માટે ઇન્સ્યોરન્સ અને હપ્તા પેટે નાણાં ભરવા પડશે અને તે પાછળથી પરત મળી જશે તેવો વિશ્વાસ અપાવ્યો હતો. ભોગ બનનાર વૃદ્ધે વિશ્વાસમાં આવીને 5 અને 6 ફેબ્રુઆરી દરમિયાન ગુગલ પે અને પેટીએમ દ્વારા અલગ-અલગ ટ્રાન્ઝેક્શનમાં કુલ 76,630 ઠગ દ્વારા આપવામાં આવેલા બેન્ક ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ ઠગે જી.એસ.ટી. અને પેનલ્ટીના નામે વધુ 32,644ની માંગણી કરતાં રામચંદ્રભાઈને શંકા ગઈ હતી. તેમણે બેન્કમાં તપાસ કરતાં પોતે છેતરાયા હોવાનું માલૂમ પડ્યું હતું. આ અંગે તેમણે તાત્કાલિક સાયબર હેલ્પલાઇન 1930 પર ફરિયાદ નોંધાવી હતી. તપાસના અંતે કડોદરા જી.આઈ. ડી.સી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભરૂચ રેલવે સ્ટેશન રોડ પર અડચણરૂપ લારીઓ દૂર કરાઈ

ભરૂચ: ભરૂચ શહેરના સૌથી વ્યસ્ત ગણાતા સ્ટેશન રોડ પર વારંવાર સર્જાતી ટ્રાફિક જામની સમસ્યાથી નાગરિકો તોબા પોકારી ઊઠ્યા હતા. આ માર્ગ પર આડેધડ ઊભી રહેતી લારીઓના કારણે સર્જાતા અવરોધોને પગલે શહેર એ-ડિવિઝન પોલીસ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે અને ટ્રાફિકને અડચણરૂપ બની રહેલા તત્ત્વો સામે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને રૂંગટા સ્કૂલથી લઈને સ્ટેશન સર્કલ સુધીના અત્યંત વ્યસ્ત રહેતા મુખ્ય માર્ગ પર શાકભાજી અને ફ્રૂટની લારીઓ રસ્તાની વચ્ચોવચ કે માર્ગને સાંકડો કરે તે રીતે ઊભી રાખવામાં આવતી હતી. જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે ત્યાંથી પસાર થવું દુષ્કર બની જતું હતું. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અને નાગરિકોની સુવિધા માટે ભરૂચ એ-ડિવિઝન પોલીસના જવાનોએ સ્થળ પર પહોંચીને સપાટો બોલાવ્યો હતો. પોલીસની ટીમે રસ્તા પર ટ્રાફિકને બાધક બનતી 12થી વધુ લારીઓને હટાવી રસ્તો ખુલ્લો કર્યો હતો.

ઝઘડિયા GIDCમાં 9 ગાયનાં મોત

પશુપાલકે પોલીસ ફરિયાદ નોંધાવી, GIDC કંપનીઓના પ્રદૂષિત પાણી છોડવાનો મુદ્દો ફરી ગરમાયો

ભરૂચ, ઝઘડિયાઃ ઝઘડિયા GIDCમાં શુક્રવારે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. બાજુમાં આવેલા દધેડા ગામના એક પશુપાલકની 9 ગાયનું એકસાથે રહસ્યમયી મોત થતાં કુતૂહલ સર્જાયું હતું. GIDC વિસ્તારમાં ઝાડવાળી જગ્યામાં ચરી રહેલી આ ગાયોનાં અચાનક મોત થતાં અવઢવમાં મુકાઈ ગયા છે.

આ ઘટનાના પગલે પશુપાલક રામજીભાઇ ભરવાડે ઝઘડિયા GIDC પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે શંકા વ્યક્ત કરી છે કે તેમની ગાયોએ કોઈ ઝેરીલો કે નુકસાનકારક પદાર્થ ખાધો હોય અથવા તો GIDC વિસ્તારમાંથી નીકળતા પ્રદૂષિત પાણીનું સેવન કર્યું હોય, જેના કારણે તેમનાં મોત થયા શંકા વ્યક્ત કરી છે.

પોલીસ દ્વારા તમામ મૃત ગાયોનું પોસ્ટમોર્ટમ કરાવીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઝઘડિયા GIDCની વિવિધ કંપનીઓ દ્વારા અવારનવાર જાહેરમાં પ્રદૂષિત પાણી છોડવામાં આવતું હોવાનો મુદ્દો લાંબા સમયથી ચર્ચામાં રહ્યો છે. આ પાણી સ્થાનિક ખાડીઓમાં ભળી જતા પાણીના સ્ત્રોતો પણ પ્રદૂષિત થાય છે, જેની અસર નજીકનાં ખેતરોની ફળદ્રુપતા અને પશુઓનાં સ્વાસ્થ્ય પર પડતી હોવાના અનેક આક્ષેપો થતા રહ્યા છે.

નોંધનીય છે કે આ પહેલા પણ પ્રદૂષિત પાણીના કારણે 14 જેટલી ગાયોનાં મોત થયાની ઘટના બની ચૂકી છે.

આ ઘટનાએ હિન્દુ ધર્મમાં ગૌમાતાના મહત્ત્વને ધ્યાનમાં લેતા સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાવ્યો છે.

એકસાથે નવ ગાયોનાં મોતથી આક્રોશિત લોકોએ પ્રશાસન સમક્ષ માંગ કરી છે કે જો આ ઘટનામાં GIDCની કોઈ કંપનીની બેદરકારી કે કસૂર સામે આવે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને દોષિતો સામે કડક હાથે પગલાં ભરવા માંગ કરી છે. આ પ્રકરણમાં ઝઘડિયા GIDC પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે અને ગાયોનાં મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

થામમાં એસટી બસ અને રિક્ષા અથડાતાં બેનાં મોત

રિક્ષાનો કચ્ચરઘાણ વળ્યો, અન્ય ઈજાગ્રસ્તોને 108 મારફતે હોસ્પિટલ ખસેડાયા

ભરૂચઃ ભરૂચના થામ ગામ નજીક એસ.ટી. બસ અને પેસેન્જર રિક્ષા વચ્ચે અકસ્માત થતાં પેસેન્જર રિક્ષાનો સંપૂર્ણપણે કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ બનાવની જાણ થતાં જ આસપાસના લોકોનાં ટોળેટોળાં ઘટના સ્થળે ઊમટી પડ્યાં હતાં. આ અકસ્માતમાં બે મુસાફરનાં મોત નીપજ્યાં હતાં.

પ્રાથમિક અહેવાલો મુજબ થામ ગામના માર્ગ પરથી એક એસ.ટી. બસ પસાર થઈ રહી હતી, એ જ સમયે સામેથી પેસેન્જર્સ ભરેલી રિક્ષા આવી રહી હતી. બંને વાહન પૂરપાટ ઝડપે હોવાના કારણે સામસામી ટક્કર સર્જાઈ હતી. અકસ્માતને પગલે રિક્ષામાં બેઠેલા મુસાફરો લોહીલુહાણ હાલતમાં પતરાં વચ્ચે ફસાઈ ગયા હતા. સ્થાનિક લોકોએ ભારે જહેમત ઉઠાવી બચાવ કામગીરી શરૂ કરી હતી અને તાત્કાલિક 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાને જાણ કરી હતી, જેમાં પવનકુમાર રાજારામ સરોજ (ઉં.વ.20) (રહે.,વિલાયત ચોકડી, ભરૂચ, મૂળ રહે.,યુપી) અને બિરલા ગ્રાસીમમાં નોકરી કરતા રૂપેશકુમારપ્રભુસિંગ કુશવાહા (ઉં.વ.30) (રહે.,મલ્હાર સોસાયટી, ભરૂચ, મૂળ-બિહાર)નાં મોત નીપજ્યાં હતાં. જ્યારે અન્યને ઈજા થતાં સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની ગંભીરતાને જોતાં સ્થાનિક પોલીસનો કાફલો પણ તાબડતોબ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. રસ્તા વચ્ચે થયેલા અકસ્માતને કારણે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી, પરંતુ પોલીસે ક્રેનની મદદથી ક્ષતિગ્રસ્ત વાહનોને માર્ગની બાજુમાં ખસેડી વાહન વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં મોકલી આપી અકસ્માતનો વિધિવત ગુનો નોંધવાની કાર્યવાહી શરૂ કરી છે. હાલ પોલીસ દ્વારા એસ.ટી. બસના ચાલકની પૂછપરછ કરવામાં આવી રહી છે અને અકસ્માત પાછળનાં ચોક્કસ કારણો જાણવા માટે તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

બારડોલી એસટી ડેપો હોળી પર્વે 115 વધારાની બસ દોડાવશે

હોળી-ધુળેટી પર્વે વતનની વાટ પકડતા શ્રમિકો અને મુસાફરો માટે સુવિધા, એસટી વિભાગને અંદાજે 4 લાખની આવક થશે

બારડોલીઃ હોળી-ધુળેટીના પર્વે વતનની વાટ પકડતા શ્રમિકો અને મુસાફરોની સુવિધા માટે બારડોલી એસટી ડેપોએ ખાસ એક્શન પ્લાન તૈયાર કર્યો છે. દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ દાહોડ-ગોધરા જેવા વ્યસ્ત રૂટ પર કુલ 115 એક્સ્ટ્રા ટ્રિપ દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે.

આગામી 4 દિવસ દરમિયાન આ ખાસ બસોનું સંચાલન થશે, જેનાથી એસટી નિગમને અંદાજે 3.50થી 4 લાખ સુધીની માતબર આવક થવાની અપેક્ષા છે.

તહેવારોના ધસારાને પહોંચી વળવા માટે મુસાફરોની માંગ મુજબ જ સમય અને રૂટનું શિડ્યુલ ગોઠવવામાં આવશે. આ ઉપરાંત, 1 માર્ચના રોજ મહુવા તાલુકાના વાંસકૂઈ ખાતે યોજાતા પ્રખ્યાત 'ગોળીગઢના મેળા' માટે પણ તંત્રએ વિશેષ તૈયારી કરી છે.

આમ લાખો ભક્તોની ભીડને ધ્યાને રાખીને મેળા માટે અલગથી 112 સ્પેશિયલ ટ્રીપ દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી પડોશી રાજ્યો અને સ્થાનિક શ્રદ્ધાળુઓને મુસાફરી કરવામાં કોઈ હાલાકી ન પડે.

શણકોઈમાં દારૂ સાથે બે ઝડપાયા

નેત્રંગઃ નેત્રંગ પોલીસે બાતમીના આધારે શણકોઈ રોડ પરથી ૨૦ બિયર સાથે બાઇક નં.(GJ-16-DL-0246) પર જતા ઝરણાના દિનેશ વસાવા અને રમેશ વસાવાને ઝડપી રૂ.૪૪૦૦નો દારૂનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ 6 +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

કબુતર, મચ્છર જાળી ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

વુલન સ્વેટરો, રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

લાઈફ હિંયકાના કડાં, અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282

કેમિકલ ટેસ્ટિંગ શીખવું છે? મિલમાં વપરાતા કેમિકલ ના ટેસ્ટિંગ માટે સંપર્કઃ 9427519026

ઘરબેઠા તાત્કાલિક LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

(સાગર- 9427113317) ધૂળેટીમાં (સ્લીપરમાં) શાહપુરા, કરણીમાં, ખાટુશ્યામ, રામદેવરા, સાંવરિયાજી, શ્રીનાથજી,

જયેશભાઈ- 9106799251 9- મે, ટ્રેનમાં, મલ્લિકાર્જુન, તિરૂપતી, રામેશ્વર, કન્યાકુમારી. અધિક માસમાં, હરિદ્વાર, બદ્રીનાથ.

પવિત્ર કૈલાશ માનસરોવર યાત્રા ૨૦૨૬ તિબેટીયન મહાકુંભ- Horse Year દક્ષિણ ગુજરાત કૈલાશ માનસરોવર યાત્રી મંડળ, સુરત દ્વારા આયોજીત છેલ્લા 37 વર્ષથી કાર્યરત સંસ્થા. 25 વર્ષથી યાત્રાનો સફળ અને સુખદ અનુભવ. સુરતથી સુરત પ્લેન દ્વારા સુઆયોજન સાથે, વાયા નેપાળ દિવસ- 13, પ્રથમ બેચ 28 મે (ફુલ), બીજો બેચ 20 જુન, ત્રીજો બેચ 12 જુલાઈ ચોથો બેચ 20 ઓગષ્ટ (કાઠમંડુથી બસ દ્વારા) પાસપોર્ટ જરૂરી. ભાગ્યશાળી યાત્રી સંપર્ક કરૂં પી. ભરતભાઈ- 9879558244, પૂર્વિ ગજજર- 9712634105 રાવળ- 9375975293

ક્ષેત્રપાળ ટૂસે (ખાટુંશ્યામજી, સાલાસર સાંવરિયા, ઉદયપુર, જયપુર 11-03) (બેંગ્લોર, પટાયા 06 દિવસ વિથ ફ્લાઈટ 23-03) (નેપાળ, અયોધ્યા, વારાણસી 23-03) ઉનાળું વેકેશન પ્રવાસો. (સિમલા, મનાલી) (કાશ્મીર, વૈષ્ણોદેવી) (દાર્જિલિંગ, ગંગટોક) (ચારધામ, બદ્રીકેદાર) (હરિદ્વાર, ગોકુળ, મથુરા) (પાંચ જ્યોતિર્લિંગ, અષ્ટવિનાયક) સુરેશભાઈ પુરોહિત. 9825105053

નોકરી વિષયક

પાર્ટ- ટાઈમ જોબ સવારે- 7 થી 2 રોડ ઉપર નાસ્તાનું કાઉન્ટર સાંભાળવાનું પગાર- 8000. 9106715389 (864)

કાંટાતાર કંપાઉન્ડ કાંટાતાર કંપાઉન્ડ, રેઝર કોઇલ ફીટીંગ કરનાર, દિવાલ ઉપર એંગલ મારી તાર મારી આપવામાં આવશે. સંપર્કઃ 9924337821

જોઈએ છે સુરતમાં નામાંકિત ફાઈનાન્સિયલ કંપની માટે તરત જોડાઈ શકે તેવા ઉત્સાહી અને ઈચ્છુક વ્યક્તિ, RS. 4,00,000 થી વધુ કમાવવાની અને કરિયર બનાવવાની સુવર્ણ તક. સંપર્ક. કાજલબેન પટેલ મોબાઈલ નંબરઃ 9714134950

ફિઝિયોથેરાપી ક્લિનિક માટે લેડીઝ સ્ટાફ જોઈએ છે, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત, 9104731600

FOR RENT 80,000/-ના માસિક ભાડામાં બેઝમેન્ટ (ગોડાઉન) ભાડે આપવાનું છે. 4000/- સ્કેવર ફીટ 2200/- કાર્પેટ કોમા પાસે, પીપલોદ Con:- 9898024032 Dhaval Cyclewala

જોઈએ છે સરસાણા ખાતે 10 ભણેલા ઓફીસ બોય. 2 વ્હીલર વાળાને પહેલી તક. અરજી કરો. 9898991388. (867)

સેલ્સમેન જોઈએ છે (પુરુષ) એજ્યુકેશન સંસ્થામાં શૈક્ષણિક પ્રોજેક્ટનું માર્કેટિંગ કરી શકે તેવા સુરત, વાપી, વલસાડ, વડોદરા વિસ્તાર માટે અનુભવીને પ્રાથમિક્તા 9909906434

જોઈએ છે. એકાઉન્ટ માટે B.Com થયેલ અનુભવી વ્યક્તિની જરૂર છે.કેપ્લોન ઈન્ડસ્ટ્રીઝ. જુની GIDC, કતારગામ. 9879009133

સ્ટાફ જોઈએ. સ્કૂલ પ્રોડક્ટ્સનું વેચાણ સ્કૂલમાં જઈને કરી શકે તેવો સ્ટાફ. (ગાડી હોવી જરૂરી). 9033332299

લેડીઝ સ્ટાફ જોઈએ. Indiamart હેન્ડલ કરવા માટે અનુભવી લેડીઝ સ્ટાફ જોઈએ. ઉધના, સુરત. 9909463399

બહેનો જોઈએ છે ગુર્જરી જ્વેલર્સ, ડી. કે. માર્કેટ, ચૌટબજાર, મોટા મંદિર, પગાર 9500/- (સમય 10:30થી 8:00)

મિલ્કત ભાડેથી

ઓફીસ લાયક જગ્યા ભાડે આપવાની છે 105, દિપકલમ કોમર્શીયલ હબ, પહેલો માળ, સરથાણા જકાતનાકા, વરાછા મેઈન રોડ, સુરત. મો. 9427181185

મિલ્કત જોઈએ છે

જોઈએ છે ખેતી લાઈક જમીન 1 થી દોઢ વીઘા નવસારી સુરતની વચ્ચે મો- 9925015819

મિલ્કત લે-વેચ

હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં 756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

મિલ્કત વેચવાની છે

પ્લોટ વેચવાનો છે કીમ કુરસદ, નેશનલ હાઈવે 8થી અડધો કિલોમીટર અંદર, અમૃત ઈન્ડસ્ટ્રીઝ, સ્વામીનારાયણ મંદિર પાછળ, 1550- વાર, 9427811344, 9879913894

ભટાર રોડ 2 BHK ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે. 9825088402, 9825919637

ફ્લેટ વેચવાનો છે સીટી લાઈટ એરીયામાં જૂનું કન્સ્ટ્રકશન, ૧૯% કપાત (આશરે) ૨૨૦૦ sqft, ૧૮૦૦ sqft કાર્પેટ ફુલ્લી ફર્નીશ્ડ, ઈલેક્ટ્રોનિક્સ સાથે (દલાલોએ તસ્દી લેવી નહીં) Contact : ઋષભ શાહ ૯૫૮૬૫૦૭૯૬૯

ભટાર રોડ ઓફિસ વેચવાની છે. વકીલ, C.A., લાયક 9104614923 (868)

વેસુ, યુનિવર્સીટી નજીક મોકાની દુકાન વેચવાની છે આગમ એમ્પોરીયો 9104614923 (869)

પ્લોટ વેચવાનો છે ૧૭૦૦ વાર ૮૦ ફૂટ રોડ ડુમસ ૯૮૨૫૧૦૯૪૦૦

લગ્ન વિષયક

કર્ણાવતી મેરેજ બ્યૂરો બાયોડેટા આપો અને પસંદગીના પાત્રો ઘરબેઠા મેળવો. યુવતીઓ માટે વિનામૂલ્યે અપેક્ષા મુજબના પાત્રો. સર્વજ્ઞાતિના લોકલ, NRI આવકાર્ય. કાન્તિભાઇ વિકાણી (નિવૃત્ત બેંક મેનેજર) M- 9409057024

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828 ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.